# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-07-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- રાજ્યના સાબરકાંઠા અને અરવલ્લી એમ બે જીલ્લામાં ચાંદીપુરાના કેસ નોંધાતા આરોગ્ય તંત્ર દ્વારા સર્વેક્ષણની કામગીરી ઝડપી બનાવવામાં આવી..
- સુરત શહેર ખાતે FPO ફેર–કમ– પ્રદર્શન- તરંગ મેળો ખૂલ્લો મૂકાયો..
- મધ્ય અને દક્ષિણ ગુજરાત તથા ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં આગામી દિવસોમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા...
- સુરેન્દ્રનગર જીલ્લાની પાટડીની દીકરીએ થાઇલેન્ડના દરિયામાં શ્વાસ રોકીને 130 ફૂટ દરિયાના પાણીમાં જઇને રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો.
- રાજ્ય સહિત સમગ્ર દેશમાં આવતીકાલે વિશ્વ યુવા કૌશલ્ય દિવસ ઉજવવામાં આવશે..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJ. CHANDIPURA CASE

રાજ્યના સાબરકાંઠા અને અરવલ્લી એમ બે જીલ્લામાં ચાંદીપુરાના કેસ નોંધાતા આરોગ્ય તંત્ર દ્વારા સર્વેક્ષણની કામગીરી ઝડપી બનાવવામાં આવી..

સાબરકાંઠા જિલ્લામાં ચાંદીપુરાના કેસ નોંધાતા આરોગ્ય વિભાગ દ્વારા હિંમતનગર તાલુકા સહિત પારગી ફળિયુ વિસ્તાર તથા સીમ વિસ્તારમાં 20 ટીમો દ્વારા સર્વે કરવામાં આવ્યો હતો જે અંતર્ગત, 2 હજાર 929 ઘરોમાં 15 હજાર 430 જેટલા લોકોની ચકાસણી કરવામાં આવી..

આ રોગ સેન્ડ ફ્લાયના કરડવાથી થાય છે અને ખાસ કરીને નાના બાળકોમાં વધારે જોવા મળે છે. હિંમતનગર અને ખેડબ્રહ્મા તાલુકામાં બે વાઇરલ શંકાસ્પદ કેસ નોંધાયેલ છે. જેમાંથી એક બાળકનું મરણ થયું છે જ્યારે બીજા એક બાળકનું આરોગ્ય સારું છે. હાલ હિંમતનગર સિવિલમાં દાખલ છે. આ બંને બાળકોના સેમ્પલ લઇ પુણે મોકલાયા છે. જેના ચારથી પાંચ દિવસમાં પરિણામ આવશે.

સાબરકાંઠા જીલ્લા આરોગ્ય અધિકારી ડો. રાજેન્ સુતરિયાએ આ મુજબ જણાવ્યું...

## (બાઇટ- ડો. રાજેન્દ્ર સુતરિયા)

અરવલ્લી જિલ્લામાં પણ વધુ બે શંકાસ્પદ ચાંદીપુરાનો કેસ નોંધાતા તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી શરૂ કરાઇ છે... આ પહેલા ભિલોડા તાલુકાના બે બાળકોના શંકાસ્પદ ચાંદીપુરા વાઇરસને કારણે મોત થતાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ પરિક્ષણ માટે પુના મોકલ્યા છે. આ ઉપરાંત મેઘરજ તાલુકાના ઢેકવા ગામના એક બાળકને લક્ષણો દેખાયા છે, જેને હિંમતનગરની સિવિલમાં PICU માં ગઇરાત્રીએ દાખલ કરાયો છે. હાલ સિવિલમાં ત્રણ બાળકો સારવાર હેઠળ છે.

આ શંકાસ્પદ વાઈરસમાં અત્યાર સુધીમાં ચાર બાળકોના મોત થયા છે..

# SURAT- TARANG MELO

સુરત શહેર ખાતે FPO ફેર-કમ- પ્રદર્શન- તરંગ મેળો જીલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધી દ્વારા ખૂલ્લો મૂકવામાં આવ્યો... નાબાર્ડ, SFAC અને ONDCના સંયુક્ત ઉપક્રમે આ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. મેળાનો હેતુ ખેડૂતો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓને બજાર મળી રહે તે છે. તરંગ મેળામાં ૧૫-૧૮ હજાર ખેડુતો પ્રતિનિધીત્વ કરશે.. આ મેળામાં ૪૦ FPO દ્વારા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. જેમાં ઓર્ગેનિક અનાજ, મસાલા, શાકભાજી સીધા ખેડૂતો પાસેથી ખરીદી શકાશે. આ પ્રસંગે DRDAના ડાયરેક્ટર એમ. બી. પ્રજાપતિ સહિત  ડેપ્યુટી ડાયરેક્ટર એગ્રિકલચર તથા નાબાર્ડના વિવિધ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# CM- GANDHINAGAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર કોબા ખાતેના શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્રમાં ચાતુર્માસ ગાળવા પધારેલા રાષ્ટ્રસંત જૈનાચાર્ય શ્રી પદ્મસાગર સૂરીશ્વરજીના દર્શન કરીને આશીર્વાદ મેળવ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે જણાવ્યું હતું કે, માનવ માત્રનું અંતિમ લક્ષ્ય તો પ્રભુ પ્રાપ્તિનું જ હોય છે. એ માટેનો માર્ગ સંત શક્તિના આશીર્વાદ અને તેમના વ્યાખ્યાન શ્રવણથી વધુ સરળ બને છે એમ પણ તેમણે ઉમેર્યું હતું.

આ અવસરે રાજ્યસભાના સાંસદ મયંક નાયક, ગાંધીનગરના મેયર મીરાબહેન પટેલ તથા જૈનાચાર્યો અને શ્રાવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# DANG- SKOCH AWARD

ડાંગ જિલ્લા પોલીસને પ્રતિષ્ઠિત "SKOCH" (Gold) એવોર્ડથી સન્માનિત કરાયા. ડાંગથી અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે,ડાંગ જિલ્લાની SheTeamના પ્રયત્નોના પરિણામ સ્વરૂપે, જિલ્લામાં લાંબા સમયથી ચાલી

આવતી 'ડાકણ પ્રથા'ને નાબુદ કરી, પીડીત મહિલાઓનુ સમાજમાં પુન:સ્થાપન કરી, તેમજ એક સન્માનજનક નવજીવન પ્રદાન કરવાના સફળ પ્રયાસ 'પ્રોજેક્ટ દેવી'ને રાષ્ટ્રીય કક્ષાના "SKOCH" એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો છે.

# WEATHER

મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાતના કેટલાક ભાગો તેમજ દક્ષિણ ગુજરાતમાં આગામી દિવસોમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ પડવાની હવામાન વિભાગે આગાહી કરી છે. દક્ષિણ ગુજરાતના નર્મદા,ભરૂચ,સુરત,ડાંગ તાપી તેમજ સૌરાષ્ટ્રમાં અમરેલી,ભાવનગર,ગીર સોમનાથ અને દીવમાં ભારે વરસાદની શક્યતાને પગલે ઑરેન્જ અલર્ટ અપાયું છે.

આ વિશે વધુ માહિતી આપી રહ્યા છે હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક રામાશ્રય યાદવ...

**(બાઇટ: રામાશ્રય યાદવ,વરિષ્ઠ વૈજ્ઞાનિક)**

છેલ્લા ચોવીસ કલાકમાં દક્ષિણ ગુજરાતના વલસાડ અને નવસારીમાં સૌથી વધારે વરસાદ પડ્યો. આ ઉપરાંત સુરત, તાપી, વલસાડ, દમણના કેટલાક ભાગો ઉપરાંત ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં છૂટોછવાયો વરસાદ વરસ્યો હતો. જ્યારે કચ્છમાં તાપમાન સુકું રહ્યું હતું.

# PATDI- NATIONAL RECORD

રાજ્યના સુરેન્દ્રનગર જીલ્લાની પાટડીની દીકરીએ થાઇલેન્ડના દરિયામાં શ્વાસ રોકીને 130 ફૂટ દરિયાના પાણીમાં જઇને રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો છે અને રાજ્યનું નામ આંતરરાષ્ટ્રીય ફલક પર પહોંચાડ્યું છે.

અમારા સુરેન્દ્રનગરના પ્રતિનિધીના જણાવ્યા મુજબ, મૂળ પાટડીના અને હાલ અમદાવાદ ખાતે રહેતા ચંદ્રકાન્ત મીરાણીની દીકરી સ્મૃતિ મીરાણીએ તાજેતરમાં જ થાઈલેન્ડના દરિયામાં શ્વાસ રોકીને 130 ફૂટ દરિયાના પાણીમાં જઈને રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો છે. સ્મૃતિ મીરાણીએ પાંચ વર્ષની ઉંમરે

સ્વિમિંગની શરૂઆત કરી હતી. નાનપણથી જ ભણવામાં અવ્વલ સ્મૃતિ મીરાણીએ ધોરણ 12 પછી આઈઆઈટીની તૈયારી કરી મુંબઈ આઇઆઇટીમાંથી એનર્જી એન્જિનિરીંગમાં બીટેક અને એમટેક કર્યા હતા.

ત્યારબાદ 40 સ્કુબા ડાઇવિંગ કર્યા બાદ છેલ્લા બે વર્ષથી ફ્રી ડાઇવિંગ કર્યા બાદ તાજેતરમાં દરિયા સાથે બાથ ભીડી થાઈલેન્ડના દરિયામાં જઇ રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો છે.

# VISHAV KAUSHALY DIVAS

આવતીકાલે વિશ્વ યુવા કૌશલ્ય દિવસ ઉજવવામાં આવશે. યુવાઓમાં કૌશલ્યનો વિકાસ થાય અને દેશ ઉન્નતિના માર્ગે નવી ઉંચાઇઓ પ્રાપ્ત કરે તે માટે દર વર્ષે 15 જુલાઇએ વિશ્વ કૌશલ્ય દિવસની ઉજવણી કરવામાં આવે છે.

‘કૌશલ્ય સાથે શિક્ષણ’ના હેતુ સાથે રાજ્યના યુવાનોના કૌશલ્યને કેન્દ્રમાં રાખીને ‘સ્કિલ સ્માર્ટ’ અભ્યાસ થકી રોજગારી આપવાના ઉદ્દેશથી કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. જેમાં ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા ડ્રોન ઉત્પાદનનું ટાઈપ સર્ટિફિકેટ મેળવનાર દેશની પ્રથમ યુનિવર્સિટી બની છે. ડ્રોન મંત્રા લેબમાં 100 ડ્રોનનું નિર્માણ કરાયું છે અને પાયલટ તાલીમમાં તેના ઉપયોગ કરવામાં આવશે. 19 ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં પાયલટ તાલીમ શરૂ થશે.. ખેડૂત તથા ખેડૂત પુત્રોને 1200 રૂપિયાના નજીવા દરથી ડ્રોન પાયલટ તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# GANDHINAGAR- POST DEPARTMENT BETHAK

આજે પોસ્ટ ઓફિસની વિવિધ સેવાઓ અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકની કામગીરીની સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

ગાંધીનગર ડિવિઝનના વરિષ્ઠ ડાક અધિક્ષક પિયુષ રાજકની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકમાં ટપાલ સેવાને લાગતી વિવિધ યોજનાઓ અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકની કામગીરીના કાર્ય વિસ્તરણ અને દરેક સામાન્ય લોકોને તેનાથી લાભાન્વિત કરવા માટે આવનારા દિવસોમાં યોજાનાર સ્પેશ્યલ ડ્રાઇવની વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

આ ઉપરાંત, કર્મચારીઓએ સેવા માટે જાગૃતિ વધારવા માટે અલગ-અલગ યોજનાઓ અને ગ્રામીણ વિસ્તારોમાં આઈપીપીબીની સેવાઓની પહોંચ વધારવા પર ચર્ચા કરવામાં આવી.

# AMC- NOTICE

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા ગંદકી કરતા એકમો સામે કડક હાથે કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ઉત્તર પશ્ચિમ ઝોન સોલિડ વેસ્ટ મેનેજ મેન્ટ શાખા દ્વારા એકસો અગિયાર એકમો સામે તપાસ કરીને 91 એકમોને નોટિસ ફટકારીને 82 હજારથી વધુનો દંડ વસૂલ કરાયો હતો. જ્યારે મહાનગરપાલિકાના ફૂડ શાખા દ્વારા ગત એક અઠવાડિયા દરમિયાન 447 એકમોની તપાસ કરીને 133 એકમોને નોટિસ ફટકારી હતી તેમજ બે લાખ 95 હજાર કરતા વધુ દંડ વસૂલ કરાયો હતો.. આ અઠવાડિયા દરમિયાન ખાદ્ય પદાર્થોના 98 નમૂનાના પરિક્ષણ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા હતા.

# BAGDANA- GURU PURNIMA

બગદાણા ધામ ખાતે આગામી ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવણીની તૈયારીના ભાગરૂપે 700 સ્વયંસેવક પ્રતિનિધિઓની બેઠક મળી હતી..

ભાવનગરથી અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, સંતશ્રી બજરંગદાસ બાપાના આશ્રમ બગદાણા ખાતે આગામી 21મી જુલાઇ, રવિવારે

ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે. જેના ભાગરૂપે આજે આશ્રમના સત્સંગ હોલમાં આશરે 350 ગામોના 700 જેટલા સ્વયંસેવકોની એક બેઠક મળી હતી. તેમાં ગામ દીઠ મુખ્ય બે પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં. જેમાં કામગીરીની વહેંચણી કરી જવાબદારી સોંપવામાં આવી હતી.

ગુરુપૂર્ણિમા મહોત્સવમાં આશરે એક લાખથી પણ વધારે ભક્તો જોડાય તેવી શક્યતા છે.. સમગ્ર આશ્રમના પરિસર તેમજ બંને રસોડા વિભાગમાં સઘન રીતે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

# GIR- BHUKAMP

ગીર સોમનાથ જિલ્લામાં આજે વહેલી સવારે આઠ વાગીને 18 મિનીટે તાલાલા સાસણ ગીર પંથકમાં 2.8ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ તાલાલાથી 12 કિલોમીટર ઉત્તર ઉત્તર- પૂર્વ નોંધાયું છે. ચાલુ માસ દરમિયાન અનેકવાર ભૂકંપના નાના આંચકા આવ્યા હતા. આ તમામ ભૂકંપનું કેન્દ્રબિંદુ જમીનથી 10 કિ.મી કરતા ઓછી ઉંડાઈએ છે એટલે કે જમીનની ઉપરી સપાટી ઉપર આ ભૂકંપ નોંધાયો છે.

# NEWS IN BRIF

## અને હવે કેટલાક સમાચારો સંક્ષિપ્તમાં...

- મોરબીની એલ.ઈ.કોલેજમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે માર્ગદર્શન સેમીનાર યોજાયો,જેમાં વિવિધ શાળાના 60 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
- ભરુચના આમોદ તાલુકાના માતર ગામ નજીક દિલ્હી- મુંબઇ એક્સપ્રેસ હાઇ-વે ઉપર ટેન્કર અને ગાડી વચ્ચે અકસ્માતમાં એકનું મોત નિપજ્યું હતું.

- અમદાવાદનાં મણિનગર ખાતે ડો. હેડગેવાર સ્મારક સમિતિ દ્વારા આજે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું.
- મહેસાણાની તસનીમ મીરે પુણે ખાતે યોજાયેલી બેડમિન્ટન સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીતી લીધો છે.
- દાહોદ સરકારી ઇજનેરી કોલેજ દ્વારા વિદ્યાર્થીઓ માટે ફાયર સેફટી અને રેસ્ક્યુ અંગેની તાલીમ યોજાઇ..
- બરોડા ગુજરાત સ્વરોજગાર વિકાસ સંસ્થાન દ્વારા નર્મદા જિલ્લાની ૩૦થી વધું આદિવાસી મહિલાઓને ફાસ્ટફૂડ બનાવવાની તાલીમ આપવામાં આવી.
- ગીર સોમનાથ જીલ્લામાં વેરાવળ ખાતે મહોરમ અંગે શાંતિ સમિતિની મીટીંગ યોજાઇ.